# ડીસા-રાધનપૂર હાઈવે પર ખેડૂતોનો ચક્કાજામ

ડીસા, તા. ૨

ડીસાથી રાધનપૂર જતા રોડ પર આજે બટાટા મુદ્દે સરકારમાથી કોઈ વિશેષ રાહત પેકેજ ના મલતા



રોષિત ખેડૂતોએ ટાયર સળગાવી અને બટાટા રોડ પર ફેંકી પોતાનો વિરોધ નોંધાવતા કલાકો સુધી હાઈવે ચક્કાજામ થયો હતો અને પોલીસ દોડી આવી હતી. ડીસામાં ખેડૂતોને બટાટાના ભાવ અને પિયત માટે પાણી ન મળતા હોવાના મામલે આજે ખેડૂતો રોડ પર ઉતરી, સરકાર સામે બાંયો ચડાવી તેમની માંગ નહીં સ્વીકારાય તો સામુહિક આત્મવિલોપનની ચીમકી પણ આપી છે.

બટાટા નગરી તરીકે જાણીતા ડીસામાં દર વર્ષે બટાટાનો મબલખ પાક થાય છે. ચાલુ વર્ષે સિજનમાં વિપુલ ઉત્પાદન થતા બટાટાના ભાવ તળીયે પહોચ્યા હતા અને ખેડૂતો મુસીબતમા મુકાયા હતા કેમ કે રાજ્યમાં ભાજપ સરકાર ખેડૂતોના વિકાસ માટેના મોટા દાવા કરે છે.

રાજ્યમાં ખેડૂતોની ચિંતા હોવાનું જણાવી રાજ્ય સરકાર કૃષિ મેળા સહિત અનેક ખેડૂત લક્ષી આયોજન પણ કરે છે. પરંતુ બનાસકાંઠાના ડીસા પંથકના ખેડૂતોની બટાટા ટેકા ભાવથી ખરીદવા, ટ્રાન્સપોર્ટ સબસીડી, નિકાસમાં સબસીડી અને સહાય તેમજ બેન્ક દેવામા રાહત જેવી અનેક માંગ છેલ્લા ઘણા સમયથી અહીંના ખેડૂતો સરકાર પાસે કરી રહ્યાં છે જો કે સરકાર દ્વારા ખેડૂતોને કોઈ ખાસ સહાય પેકેજ અપાયું નથી. જેથી ખેડૂતોએ હતાસામાં પોતાની માંગને લઈને ડીસામાં ખેડૂતોએ બટાટાના ભાવો નહીં

## માર્ગો પર બટાટા ફેંકી ટાયરો સળગાવ્યા

મળતા રસ્તા પર ચક્કાજામ કર્યો હતો. ડીસા રાધનપુર હાઈવે પર આજે સવારથી જ ખેડૂતો રોડ પર ઉતરી આવ્યા હતા અને બટાટા ફેંકીને, રોડ પર ટાયરો સળગાવીને ચક્કજામ કરી વિરોધ દર્શાવ્યો છે. રોષે ભરાયેલા ખેડૂતોએ સરકાર વિરોધી સુત્રોચાર કરી તેમનો બળાપો કાઢ્યો હતો.

બનાસકાંઠા જિલ્લો અને ખાસ કરી ડીસા પંથકના ખેડૂતો મુખ્યત્વે બટાટાની ખેતી પર નિર્ભર રહે છે ત્યારે છેલ્લા ત્રણ વર્ષથી અહીંના ખેડૂતોને બટાટાના પોષણક્ષમ ભાવો ના મળતા અગાઉ પણ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી તો વળી સરકારમાં પણ વારંવાર આ મુદ્દે રજુઆત કરવા છતાં પણ ખેડૂતોની વાત ધ્યાને ના લેતા આખરે કંટાળેલા ખેડૂતોએ આજે તેમનો બળાપો કાઢ્યો હતો અને જો સરકાર તેમની વાત ધ્યાને નહીં લે તો આગામી સમયમાં સામુહિક આત્મવિલોપનની ચીમકી પણ ખેડૂતોએ ઉચ્ચારી હતી.

આગામી સમયમાં વિધાનસભાની ચૂંટણીઓ પણ નજીક આવી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોની વાત જો સરકાર ધ્યાને નહીં લે તો ખેડૂતોનું આંદોલન આગામી સમયમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી શકે તેમ છે અને તેની અસર વિધાનસભાની ચૂંટણીઓ પર પડે તો નવાઈ નહીં.



**બનાસકાંઠા જિલ્લા પંચાયત ખાતે બનાસકાંઠા દલિત સંગઠનના ધરણા**

પાલનપુર તાલુકાના સાગ્રોસણા ગામમાં આચરાયેલ પ્લોટ કૌભાંડ હજી શમ્યું નથી. સાગ્રોસણા ગામમાં ચર્મકુંડની જગ્યામાં પ્લોટ ફાળવણીને મામલે દલિત સમાજમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. ત્યારે આજે પાલનપુર ખાતે જિલ્લા પંચાયતના પ્રાંગણમાં બનાસકાંઠા દલિત સંગઠનના નેજા હેઠળ સાગ્રોસણા ગામના દલિતોએ ધરણાં યોજ્યા હતા. ધરણાં પર બેઠેલા બાળકો, મહિલાઓ સહિતના દલિત સમાજના લોકો ચર્મકુંડની જગ્યામાં ફાળવેલ પ્લોટ રદ કરવા માંગણી કરી રહ્યા છે. ત્યારે આવનારા દિવસોમાં આ વિવાદ તુલ પકડે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

## હિંમતનગર તાલુકા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ-મહામંત્રી વરાયા

હિંમતનગર, તા. ૨

ભારતીય જનતા પાર્ટી દ્વારા હિંમતનગર તાલુકા લઘુમતી મોરચાના હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લા ભાજપના અધ્યક્ષ જે.ડી. પટેલના આદેશથી અને હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાની ભલામણથી હિંમતનગર તાલુકા ભાજપ પ્રમુખ હસમુખભાઈ પટેલે હિંમતનગર તાલુકા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ તરીકે હકીમભાઈ ગાજીભાઈ ડુંડીયાની નિયુક્તી કરવામાં આવી હતી. જ્યારે મહામંત્રી પદે મુનીર મકસુદ અહેમદ મનસુરીની નિમણૂંક કરતાં લઘુમતી સમાજના આનંદની લાગણી પ્રસરી છે. ભાજપ દ્વારા થયેલ નિમણૂંકને તા.પં. સદસ્ય રવિન્દ્રસિંહ ચાવડા, જિલ્લા ભાજપ મહામંત્રી વિજયસિંહ વણઝારા, ભાજપ લઘુમતી મોરચાના અગ્રણી મકબુલભાઈ પોથીગરા, આઈ.ટી. સેલના જફર દિવાન, ઈકબાલભાઈ મલેક, મોહસીન બાવન સહિત અગ્રણીઓએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

## બનાસબેંકના રીઢા મુદતવીતી, બાકીદાર જેલના હવાલે

શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ની ભાભર શાખામાંથી ટ્રેક્ટર ખરીદવા માટે તા. ૨૬-૧૦-૨૦૦૧ના રોજ ચમનજી લક્ષ્મણજી ઠાકોર રહેવાસી-વાવડી, તા. ભાભર, જિ. બનાસકાંઠા ધિરાણ મેળવેલ હતુ. પરંતુ ટ્રેક્ટરના હપ્તા સમયસર ભરતા ન હોવાથી બેંકે કાયદેસરની કાર્યવાહી કરેલ જેના અનુસંધાને ભાભર કોર્ટે મુદતવીતી બાકીદાર ચમનજી ઠાકોર સામે બિનજામીન પાત્ર વોરંટ કાઢતાં ભાભર પોલીસે ચમનજી લક્ષ્મણજી ઠાકોરની ધરપકડ કરી જેલના હવાલે કરતા રીઢા બાકીદારોમાં ફફડાટ વ્યાપેલ છે.

## પ્રાંતિજ રાવલ સમાજનું ગૌરવ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તપોધન ફડી ખાતે રહેતા રાવલ શંભુ



પ્રસાદ કાન્તીલાલ કે જેવોનો પુત્ર રાવલ કર્મ સુરેન્દ્રનગર ખાતે એસ.એમ. વિદ્યાલયમાં તાજેતરમાં લેવાયેલ પરીક્ષા ધોરણ-૧૦ એસ.એસ.સી.ની બોર્ડની પરીક્ષામાં ૮૪ ટકા અને પર્સન્ટાઈલ ૯૮.૩ સાથે ગ્રેડ એ-૨ પ્રાપ્ત કરી પ્રાંતિજ તથા રાવલ સમાજનું તથા સ્કૂલનું ગૌરવ વધાર્યુ છે.


## પાલનપુરની કલ્યાણ સોસાયટીમાં ગેસનો બાટલો ફાટતા ૨ દાઝ્યા

પાલનપુરના ગોબરી રોડ પર આવેલી કલ્યાણ સોસાયટીમાં ગેસનો બાટલો ફાટતા બે લોકો દાઝતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. પાલનપુરની કલ્યાણ સોસાયટીમાં રહેતા સુભદ્રાબેન નિલેષભાઈ ચૌહાણને ત્યાં હસમુખભાઈ સોમાભાઈ સોની ગેસની સગડી સર્વિસ કરવા ગયા હતા. ત્યાં અચાનક ગેસ લીકેજ થઈ બ્લાસ્ટ થવાથી બન્ને જણ દાઝી જતા સારવાર અર્થે તેઓને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## ડીસાની જીઆઈડીસીમાં ધનલક્ષ્મી તેલ મિલ પર ફૂડ એન્ડ ડ્રગ વિભાગનો દરોડો : સેમ્પલ લેવાયાં

ડીસાની જી.આઈ.ડી.સી.માં આજે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા તેલ મિલમાં દરોડા પાડવામાં આવ્યા





હતા. ડીસા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી ધનલક્ષ્મી તેલ મિલમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગે તપાસ હાથ ધરી હતી.

ડીસા તાલુકા પોલીસે આકસ્મિક રીતે હાથ ધરેલા સર્ચ ઓપરેશનમાં ધનલક્ષ્મી ઓઈલ મિલમાં ગેરરીતી આચરવામાં આવતી હોવાનું ધ્યાને આવતા ડીસા તાલુકા પોલીસે આ અંગે બનાસકાંઠા જીલ્લાના ફૂડ એન્ડ ડ્રગ વિભાગને આ અંગેની જાણ કરી હતી. અને તેના પગલે ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે ડીસા શહેરના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં પહોંચીને તપાસ હાથ ધરી હતી. કાર્યવાહીમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે ધનલક્ષ્મી ઓઈલ મિલ પર પહોંચી તેલના નમુના લઈ તેને ફોરેન્સિક લેબ માટે મોકલી આપવાની તજવીજ હાથ ધરી છે. જ્યારે જોઈંટ ઈન્વેસ્ટિગેશનમાં ડીસા નાયબ પુરવઠા અધિકારી એ.જે. પારધી અને ટીમે પણ તપાસ હાથ ધરી છે. જેનાથી ડુપ્લિકેટ તેલ ઉત્પાદન કરતાં તેલિયા રાજાઓ ભૂગર્ભમાં ઉતરી ગયાં હતા.

## ધનસુરાના બુટાલ ગામે હત્યા કરાયેલ મૃતદેહ કૂવામાંથી મળતા ચકચાર

ધનસુરાના બુટાલ ગામમાં અજાણ્યા ઈસમનો મૃતદેહ ધડથી અલગ કરી પ્લાસ્ટીકની કોથળીમાં વીંટાળી દોરીથી બાંધી કૂવામાં ફેંકી દીધેલ હતો અને હાથ-પગ કાપી નાંખી બીજા કૂવામાં નાખી દીધેલ હતા. જ્યારે હજી સુધી માથુ મળેલ નથી. ક્રુરતાપૂર્વક હત્યા કરી મૃતદેહની ઓળખ ના થાય તે માટે જુદી જુદી જગ્યાએ હાથ પગ અને ધડને અલગ અલગ કૂવામાં નાખી દીધેલ હતા. પુરાવા ના મળે તે માટે માથુ જુદી જગ્યાએ નાખી દીધેલ હતુ. હજુ સુધી મળેલ નથી. ધનસુરા પોલીસે તપાસ હાથ ધરી છે.

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

## ગાંધી ૧૧૦ ● ૪ પાનાનું ચાલુ...

સારા અક્ષર નહીં હોવા પાછળનું એક કારણ માટી સાથેની મેદાની રમતો ઓછી થઈ ગઈ છે એ પણ છે. કુમળી વયના બાળકો માટીના લોંદા અને રમકડાં ઘડવાની રમતો રમતા એથી તેમની આંગળીના ટેરવા કલમ સરસ રીતે પકડી શકતા હતા. આજે મારી સાથેની રમતો ગૂમ થઈ ગઈ છે. સારા અક્ષરો પણ અદશ્ય જ થાય ને વાંક વાલીનો - શાળાનો કે બાળકનો એવો સવાલ જુદી ચર્ચાનો વિષય છે. પણ અત્રે આપણે જે વ્યાપક સમસ્યાનો સવાલ છે તે કેળવણી સાથે શ્રમકાર્યની શિક્ષણમાંથી ગેરહાજરીએ અનેક આર્થિક - સામાજિક સમસ્યાઓનું સર્જન કર્યું છે.

ગાંધીજીએ વ્યક્ત કરેલા આ કેળવણી વિષયક વિચાર 'વર્ધા યોજના' તરીકે ઓળખાય છે. વર્ધા યોજનાના પ્રારંભ પહેલા ગાંધીજીએ એક સરસ વાત કરી હતી એ જોવા જેવી છે.

'બાળકોના સર્વાંગી વિકાસને સારું સર્વ શિક્ષણ, બની શકે ત્યાં લગી, કંઈક લાભાદાયક ઉદ્યોગ દ્વારા અપાવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો ઉદ્યોગો બેવડી ગરજ સારે - એક તો વિદ્યાર્થી પોતાના પરિશ્રમના ફળ દ્વારા શિક્ષણનું ખરચ આપી શકે અને બીજું નિશાળમાં શીખેલા ઉદ્યોગથી તેનામાં રહેલા પુરુષત્વ અને સ્ત્રીત્વનો સર્વાંગી વિકાસ થાય.'

અત્રે યાદ રહે કે ગાંધીએ કેળવણીના વર્ધા વિચારમાં 'જમીન, મકાનો અને સાધન સામગ્રીની કિંમત વિદ્યાર્થીની મહેનતની કમાણીમાંથી નીકળે એવો ઈરાદો રાખેલો નથી એમ સ્પષ્ટ કર્યું હતું.'

(લેખક સમાજસાસ્ત્રના અધ્યાપક છે.)

## પરીક્ષા આપશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા કલેકટર કચેરી તેમજ શિક્ષણતંત્ર દ્વારા જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. વર્ગ-૧ અને ૨ ની આ પરીક્ષામાં જિલ્લામાંથી ૨૦૫૮૬ ઉમેદવારો હાજરી આપશે. આગામી રવિવારે સવારે ૧૧ થી ૧ અને ૩ થી ૫ ના સમયગાળામાં પરીક્ષા લેવાશે. જયારે પરીક્ષાને અનુલક્ષી ગાંધીનગર, ચાંદખેડા, માણસા અને કલોલ સહીતના ઠેકાણે શાળા કોલેજોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા દરમિયાન યોગ્ય પારદર્શકતા જળવાઈ રહે તે માટે તકેદારી આયોગના ૮૦ પ્રતિનિધિઓ ૧૮ નાયબ કોઓર્ડીનેટરને ફરજ સોંપવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો પર પોલીસ બન્દોબસ્ત પણ તૈનાત રહેશે. બોર્ડ પરીક્ષાના પરિણામોના અંતે નગરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનો દૌર યથાવત છે. સરકારી અફસર બનવાની ચાહ ધરાવતા ઉમેદવારોમાં પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થતા ઉત્સુકતા વધી છે.

## ટપાલ કચેરીઓ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત ટપાલ વિતરણ માટે વધુ ટપાલીઓની નિમણુંક કરવા તેમજ સેકટરોમાં ખાલી પડેલા પ્લોટમાં ટપાલ કચેરીનુ અદ્યતન મકાન બનાવવા માટે પણ રજુઆત કરવામાં આવી હતી. સે-૨૭ માં ટપાલ કચેરી માટે ખાસ ઝુંબેશ હાથ ધરી વ્યવસ્થા ઉભી કરવા માટે જણાંવાયુ હતુ. જયારે મુખ્ય ટપાલ કચેરીઓમાં કોર્ટ ફી સ્ટેમ્પનુ વેચાણ થાય તે અંગે જરૂરી પરામર્શ કરવા પણ સુચનો કરાયા હતા. વધુમાં ટપાલ કચેરીના કર્મચારીઓ ગ્રાહકો સાથે સોજન્યતાથી વર્તન કરે તે માટે પણ સુચના આપવા જણાંવાયુ હતુ.



**ખેડબ્રહ્મા શહેરમાં વીજળીના ચમકારા સાથે વરસાદ**

શહેરમાં પ્રથમ વરસાદ ચાલુ થતા પ્રજામાં હર્ષની લાગણી નાના નાના બાળકોમાં વરસાદી પાણીમાં નહાતા ખુશીનો માહોલ. ચાર છાંટા પડતાની સાથે શહેરમાં વીજળી ડુલ થતા પ્રજાને બફારામાં શેકાવાનો વારો આવ્યો હતો.

## પ્રાંતિજ રેલવે સ્ટેશન ફાટક પાસે કપચી ભરેલી ટ્રક પલ્ટી ખાઈ ગઈ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન પર કપચી ભરેલ ટ્રક પલ્ટી ખાઈ જતા ટ્રક ચાલક સહિત કંડક્ટરનો આબાદ બચાવ થયો હતો.

પ્રાંતિજ-હરસોલ રોડ ઉપર તલોદ બાજુથી આવતી ફુલફાસ્ટ કપચી ભરેલ આવતી ટ્રક નંબર જીજે.૦૯. ૨૫૨૨૯ના ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ટ્રક બાજુના ખાડામાં પલ્ટી ખાઈ ગઈ હતી. જયારે ટ્રકચાલક તથા કંડકટરનો આબાદ બચાવ થયો હતો અને ટ્રકમાં ભરેલ કપચી પણ પલ્ટી ખાતા બાજુમાં ઢગ થઈ ગયો હતો. ત્યારે આ રોડ ઉપર રાત દિવસ બે રોકટોક રેતી તથા કપચી



પથ્થર ભરેલ ઓવર લોડ વાહનો દોડે છે અને અવારનવાર અકસ્માતો સર્જાય છે. પણ જેની જવાબદારી છે તે તંત્ર હાલ તો હપ્તાની ચાદર ઓઢીને ભર ઉનાળે નિંદ્રા માણી રહી છે. ત્યારે આડેધડ દોડતા ઓવરલોડ વાહનચાલકો ઉપર કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.



**અરવલ્લી જિલ્લા વાલ્મીકી સમાજે અધિક કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ**

ગુજરાતમાં દલીતો સાથે આજેય આભડછેટ રાખવામાં આવે છે. બીજીબાજુ સત્તાધારી પક્ષ દ્વારા સમગ્ર રાજ્યમાં સમરસતા અને સમાનતાના નામે ભાજપ દલીતોના હામી હોવાનો ડોળ કરી રહી છે. બીજી તરફ આજેય ગુજરાતના કેટલાક મેગા સીટી શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં દલીત સમાજના લોકો સાથે આભડછેટનો વ્યવહાર રાખવામાં આવી રહ્યો છે. અરવલ્લી જિલ્લામાં વાલ્મીકી સમાજના હંગામી કર્મચારી તરીકે ફરજ બજાવતા ચાર કર્મચારીઓ સાથે અશ્પૃશ્યતાની માનસીકરણ ધરાવતા સત્તાધીશો અને અધિકારીઓએ ફરજમાંથી છૂટા કરી દેવાતા વાલ્મીકી સમાજમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. ગુરૂવારે વાલ્મીકી સમાજના લોકોએ જિલ્લા અધિક્ષક કલેક્ટર આર.એ.સીને આવેદનપત્ર આપી અશ્પૃશ્યતા દાખવતા સત્તાધીશો અને અધિકારીઓ સામે તાત્કાલિક શિક્ષ્માત્મક પગલા ભરવાની માગં સાથે આવેદનપત્ર આપ્યુ હતુ.

## હુમલાનો ખતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હુમલાઓને અંજામ આપવા માટે સ્થાનિક ત્રાસવાદીઓ તેમની મદદ કરી શકે છે. ડેન્ટલ કોલેજમાં ગયા વર્ષે હિંસક વિરોધ પ્રદર્શન થયા હતા. ટી-૨૦ વર્લ્ડકપમાં વેસ્ટઈન્ડિઝના હાથે ભારતની કારમી હાર થયા બાદ અહીં રાષ્ટ્રીય ધ્વજ સળગાવી દેવાની ઘટના પણ બની હતી. બીજી બાજુ બારીબ્રહ્માણા અને સાંબા ઔદ્યોગિક વિસ્તારોમાં પણ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. લશ્કરે તોઈબાનો આ હિંડલર એકલો આવ્યો છે કે, પછી તેની સાથે અન્ય આતંકવાદીઓ પણ ઘુસ્યા છે તેને લઈને માહિતી મળી શકી નથી. જો કે, તમામ સંવેદનશીલ જગ્યાઓ ઉપર સુરક્ષા વધારી દેવામાં આવી છે. તેની શોધખોળ કરવામાં આવી રહી છે. થોડાક સમય પહેલા આતંકવાદીઓએ ગુરદાસ, ઉધમપુર અને પઠાણકોટમાં હુમલા કર્યા હતા. આજકારણસર પંજાબ પોલીસને હાઈએલર્ટ ઉપર રાખવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર બીએસએફ અને સેના પણ આતંકવાદીઓને બોધપાઠ ભણાવવા સક્રિય છે. સામાન્યરીતે બરફ ઓગળતાની સાથે જ પાકિસ્તાન તરફથી ઘુસણખોરી વધારી દેવામાં આવે છે. દરમિયાન ભારતીય સેના સજ્જ થઈ ગઈ છે.

## અમેરિકા ખસી ગયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

અર્થતંત્રને અબજો ડોલલનું નુકસાન થઈ શકે છે. ટ્રમ્પે આ સમજૂતિને અમેરિકી અર્થતંત્રને નબળી કરવાના પ્રયાસ તરીકે ગણાવીને આની ટીકા કરી છે. ગયા સપ્તાહમાં ઈટાલીમાં જી-૭ શિખર બેઠક દરમિયાન ટ્રમ્પે સમજૂતિને છોડી દેવા તરફ ઈશારો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ટૂંક સમયમાં જ આ અંગે નિર્ણય લેવામાં આવશે.

અમેરિકી પ્રમુખે દાવો કર્યો હતો કે, આ સમજૂતિ મારફતે ચીન અને ભારતને ફાયદા પહોંચાડવાના પ્રયાસ થઈ રહ્યા છે. આ ડિલમાં આ બે એશિયન મહાશક્તિઓ ઉપર કઠોરતા દર્શાવવામાં આવી નથી. તેમને ભારતની સામે ખોટી ફરિયાદોનો આક્ષેપ કર્યો હતો. સાથે સાથે દાવો કર્યો હતો કે, ભારત ડિલ પાડવા માટે અબજો ડોલરની મદદની માંગ કરી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પના કહેવા મુજબ આ ડિલથી ભારતને પોતાના કોલસા ઉત્પાદનને બે ગણુ કરી દેવા મંજુરી મળી જશે. ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પોતાના ૨૭ મિનિટના ભાષણ દરમિયાન ભારત અને ચીન ઉપર પ્રહાર કર્યા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે, ભારત પેરિસ સમજૂતિ હેઠળ વિકસિત દેશોથી અબજો રૂપિયાની સહાયતા મેળવી રહ્યું છે. પેરિસ સમજૂતિના નિર્ણયો ખુબ જ અન્યાયપૂર્ણ છે.

## લેવડદેવડ પર દંડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૬૯ એસટી કલમ એક દિવસમાં આટલી જ રોકડ લેવડદેવડ ઉપર પ્રતિબંધ મુકે છે. આ કોઈ એક વ્યક્તિ દ્વારા એક મામલામાં બે લાખ રૂપિયાથી વધુની લેવડદેવડ પર પ્રતિબંધ મુકે છે. ટેક્સ વિભાગ દ્વારા મોટા અખબારોમાં જાહેરાતો પણ આપવામાં આવી છે. કલમ ૨૬૯ એસટીનો ભંગ કરવાના કેસમાં રોકડ રકમ મેળવનાર પર આટલી જ રકમના બરોબર દંડ લાગૂ થશે. ટેક્સ વિભાગે કહ્યું છે કે, આ અંકુશ સરકારની કોઈપણ પ્રાપ્તિ, બેંકિંગ કંપની, પોસ્ટ ઓફિસ બચત બેંક અથવા તો સરકારી બેંક ઉપર લાગૂ થશે નહીં.

## પ્રયાસોના અંતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવે તે માટે શિક્ષણતંત્ર દ્વારા આવી શાળાઓમાં વધારાના વર્ગો શરૂ કરાયા હતા. જયારે પ્રતિમાસ શાળાના શિક્ષકો તેમજ આચાર્યોની કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી રહી છે. ગત વર્ષના પરિણામના અંતે જિલ્લાની ૨૧ શાળાઓનુ પરિણામ નબળુ અલબત્ત ૩૦ ટકાથી નીચે આવ્યુ હતુ જયારે આ શાળામાં પ્રતિમાસ શૈક્ષણિક કામગીરીની સમીક્ષા તેમજ નબળા વિદ્યાર્થીઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપવા માટે શિક્ષણ તંત્રએ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ. જિલ્લા શિક્ષણતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ પરિણામ સુધારણા માટેના આ પ્રયાસોના અંતે જિલ્લાની ૨૧ નબળી શાળાઓ પૈકી ૧૧ શાળાઓના પરિણામમાં સુધારો જોવા મળ્યો છે. જયારે નબળુ પરિણામ ધરાવતી ૧૦ શાળાઓમાં પણ પરિણામનુ સ્તર સુધારવા માટે પ્રયાસો શરૂ કરી દેવાશે. આ ઉપરાંત સો ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યામાં પણ સુધારો થયો છે. જે ગત વર્ષે ૨૧ હતી. જયારે આ વખતે ૩૧ શાળાઓનુ પરિણામ સો ટકા આવ્યુ છે.